# ઈરાને મિસાઈલો, ડ્રોન્સ સંતાડવા અનેક ભૂગર્ભ શહેરો બનાવ્યા

**પહાડો** હેઠળ મજબૂત ખડકો કોતરીને બનાવવામાં આવેલા આ બોગદાઓ ભારે બોંબમારામાં પણ સુરક્ષિત રહે છે

**આ** બોગદાઓમાં એક અંડરગ્રાઉન્ડ રેલ સિસ્ટમ છે, જે શસ્ત્રની હેરફેર કરી શકે છે

**ઈરાન** પાસે હજી પણ અડધા લોન્ચર્સ અને હજારો ડ્રોન અકબંધ હોવાની ગુપ્તચર માહિતી

દુબઇ, તા. ૫: મધ્ય ઈરાનના એક પહાડમાં આશરે 500 મીટરની ઊંડાઈએ આવેલું યઝદ મિસાઈલ બેઝ એક બંકર કરતાં વધુ તો પથ્થરોની વચ્ચે કોતરાયેલો એક કિલ્લો છે. પૃથ્વી પરના સૌથી કઠણ ખડકોમાંના એક એવા 'શીરકુહ ગ્રેનાઈટ'માં આ સુવિધા તૈયાર કરવામાં આવી છે, જે સામાન્ય બાંધકામ સામગ્રી કરતા અનેકગણું વધુ દબાણ સહન કરી શકે છે.

આ મજબૂત ખડક અમેરિકાના સૌથી શક્તિશાળી બંકર-બસ્ટર બોમ્બ–GBU-57 મેસિવ ઓર્ડનન્સ પેનિટ્રેટર–માટે પણ અત્યંત કઠિન અવરોધ ઊભો કરે છે. પહાડની અંદરના ભાગને એવી રીતે કોતરવામાં આવ્યો છે કે તે લશ્કરી મથકને બદલે કોઈ છુપાયેલા શહેર જેવું લાગે છે. એવું માનવામાં આવે છે કે આ ગુપ્ત સુવિધામાં એક સ્વચાલિત રેલ સિસ્ટમ છે, જે ટનલ દ્વારા એસેમ્બલી એરિયા, સ્ટોરેજ ડેપો અને પહાડની જુદી જુદી સપાટીઓ પર આવેલા અનેક છુપાયેલા પ્રવેશદ્વારોને જોડે છે. ઈરાની પ્રચાર વીડિયોમાં જોવા મળતા આ પ્રકારના







અન્ય ભૂગર્ભ 'મિસાઈલ શહેરો'ની જેમ, અહીં પણ લોન્ચર્સને ટ્રક પર ઝડપથી ફેરવવામાં આવે છે, ફાયરિંગ માટે બહાર લાવવામાં આવે છે અને પલકવારમાં મજબૂત સશસ્ત્ર દરવાજાઓની પાછળ ફરીથી ભૂગર્ભમાં ખેંચી લેવામાં આવે છે.

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના અવિરત હુમલાઓ છતાં, તે હજુ પણ મધ્ય પૂર્વમાં તેના રોકેટ અને ડ્રોનનો ભંડાર વાપરવા માટે સક્ષમ છે. ઇન્સ્ટિટ્યૂટ ફોર ધ સ્ટડી ઓફ વોર (ISW)ના જણાવ્યા અનુસાર, ટ્રમ્પના ઈરાન સાથેના યુદ્ધની શરૂઆતથી માત્ર યઝદ મિસાઈલ બેઝ પર જ ઓછામાં ઓછા છ વખત હુમલા કરવામાં આવ્યા છે, જેમાં 1 માર્ચ, 27 માર્ચ અને 28 માર્ચના હુમલાઓનો સમાવેશ થાય છે. 28 માર્ચના રોજ એક ઓપન સોર્સ ઇન્ટેલિજન્સ એકાઉન્ટ દ્વારા પ્રકાશિત ફૂટેજમાં આ સાઇટ પરથી બે મિસાઇલ લોન્ચ થતી જોવા મળી હતી, જોકે તે હુમલા પહેલાની હતી કે પછીની તે હજુ સ્પષ્ટ નથી. સમગ્ર ઈરાનમાં આવા અનેક ભૂગર્ભ 'મિસાઈલ શહેરો' પહાડોમાં કોતરવામાં આવ્યા છે, જે દેશની બેલેસ્ટિક મિસાઈલ ક્ષમતાને મજબૂત બનાવે છે. ઈરાને તેના મિસાઈલ ભંડારને વિનાશથી બચાવવા માટે વર્ષો સુધી આ વિશાળ બંકરોનું નિર્માણ કર્યું છે. જૂન મહિનાના 12 દિવસના યુદ્ધમાં ઈઝરાયેલે તેહરાનના માળખાકીય સુવિધાઓ પર હુમલા કર્યા હોવા છતાં, ઈરાનનો મોટાભાગનો મિસાઈલ સ્ટોક સુરક્ષિત રહ્યો હતો. અમેરિકી ગુપ્તચર એજન્સીઓના મતે ઈરાન પાસે હજુ પણ અડધા લોન્ચર્સ અને હજારો ડ્રોન અકબંધ છે. તાજેતરના આંકડા મુજબ, ઈરાન પાસે તેના દરિયાકાંઠાના સંરક્ષણ માટે ક્રૂઝ મિસાઈલોનો મોટો જથ્થો પણ છે, જેનાથી તે હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરજવરને જોખમમાં મૂકી શકે છે. જો કે અમેરિકી અને ઈઝરાયેલી દળોએ હવાઈ હુમલાઓ દ્વારા ટનલના પ્રવેશદ્વારો અને વેન્ટિલેશન શાફ્ટને નુકસાન પહોંચાડ્યું છે, પરંતુ ભૂગર્ભમાં રહેલી મુખ્ય સિસ્ટમ હજુ પણ સુરક્ષિત છે.

## પિક્ચર અભી બાકી હૈ : રાઘવ ચઢ્ઢાના વળતા જવાબથી આપમાં તણાવ વધ્યો

નવી દિલ્હી : આમ આદમી પાર્ટીની અંદર ચાલી રહેલો આંતરિક વિખવાદ રવિવારે વધુ ઘેરો બન્યો હતો. રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢાએ પોતાની જ પાર્ટીની ટીકાઓનો વળતો જવાબ આપતાં એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેમણે સંસદમાં પંજાબના મુદ્દાઓ ઉઠાવવામાં નિષ્ફળ રહ્યા હોવાના દાવાઓને ફગાવ્યા હતા. રાજ્યસભામાં આપેલા તેમના ભાષણોનું ત્રણ મિનિટનો એક વીડિયો શેર કરીને, ચઢ્ઢાએ તેમની વિરુદ્ધના કહેવાતા 'સુનિયોજિત નેરેટિવ'નો જવાબ આપવાનો પ્રયાસ કર્યો હતો. ચઢ્ઢાએ લખ્યું, "આપમાં રહેલા મારા સાથીઓ, જેમને એવું કહેતા વીડિયો જારી કરવાની ફરજ પાડવામાં આવી હતી કે 'રાઘવ ચઢ્ઢા સંસદમાં પંજાબના મુદ્દાઓ ઉઠાવવામાં નિષ્ફળ રહ્યા છે', તેમના માટે આ એક નાનકડું ટ્રેલર છે - પિક્ચર અભી બાકી હૈ.

## વસ્તી ગણતરીના પ્રથમ તબક્કા બાદ 784 જિલ્લાનો ડેટા એકત્રિત થશે

નવી દિલ્હી, તા. 5 (PTI): વસ્તી ગણતરીનો પ્રથમ તબક્કો પૂરો થયાના બે મહિના પછી સ્થાનિક સંસ્થાઓના સરકારી અધિકારીઓ 784 જિલ્લાઓમાં નાગરિક સુવિધાઓ અંગેનો ઝીણવટભર્યો ડેટા એકત્રિત કરશે. આ ડેટાનો ઉપયોગ દેશની 'ડિસ્ટ્રિક્ટ સેન્સસ હેન્ડબુક' તૈયાર કરવા માટે કરવામાં આવશે, જેમાં ગામ અને શહેર સ્તરે નાગરિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વ્યાપક રેકોર્ડ હશે. ભારતના રજિસ્ટ્રાર જનરલ અને વસ્તી ગણતરી કમિશનર મૃત્યુંજય કુમાર નારાયણે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખીને વસ્તી ગણતરી 2027 ના પ્રથમ તબક્કા - 'હાઉસ લિસ્ટિંગ' અને 'હાઉસિંગ સેન્સસ' પૂર્ણ થયાના બે મહિના પછી હેન્ડબુક માટે ફિલ્ડવર્ક શરૂ કરવા અને તેને 30 દિવસમાં પૂર્ણ કરવા જણાવ્યું છે.

## IIT-ગુવાહાટીએ ભૂકંપ પ્રતિરોધક સંરચના માટે સંકલિત 3ડી પ્રિન્ટિંગ સોલ્યુશન્સ વિકસાવ્યા

નવી દિલ્હી, તા. 5 (PTI): ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી), ગુવાહાટીના સંશોધકોએ ભૂકંપ-પ્રતિરોધક 3ડી-પ્રિન્ટેડ કોંક્રીટની દીવાલો ડિઝાઇન કરવા માટે એક ફ્રેમવર્ક વિકસાવ્યું છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. બાંધકામમાં 3ડી પ્રિન્ટિંગ વૈશ્વિક સ્તરે અપનાવવામાં આવી રહ્યું છે. કારણ કે, તે મજૂરો અને સામગ્રીની જરૂરિયાતને દૂર કરે છે અને સંરચનાઓને વધુ જટિલ આકારોમાં બનાવવાની મંજૂરી આપે છે. જોકે, વિશ્વભરમાં 3ડી-પ્રિન્ટેડ ઇમારતો બનાવવામાં થોડી નોંધપાત્ર પ્રગતિ થઈ છે, તેમ છતાં ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં તેનો વ્યાપક ઉપયોગ થવાનો બાકી છે.

## વિધાનસભા ચૂંટણી : ગેરકાયદે રોકડ અને દારૂ મળી કુલ રૂ. 650 કરોડ જપ્ત

નવી દિલ્હી, તા. 5 (PTI): ચૂંટણી પંચે રવિવારે જણાવ્યું હતું કે, ચાર ચૂંટણી રાજ્યો અને પુડુચેરીમાં અમલીકરણ સત્તાવાળાઓએ મતદારોને લલચાવવા માટે રાખવામાં આવેલી 650 કરોડ રૂપિયાથી વધુની ગેરકાયદે રોકડ, ડ્રગ્સ અને દારૂ જપ્ત કર્યો છે. ચૂંટણી સત્તામંડળ દ્વારા શેર કરવામાં આવેલા ડેટા મુજબ, પશ્ચિમ બંગાળમાંથી 319 કરોડ રૂપિયાની ગેરકાયદે રોકડ, ડ્રગ્સ, દારૂ અને કિંમતી ધાતુઓ જપ્ત કરવામાં આવી છે, ત્યારબાદ તમિલનાડુમાં 170 કરોડ રૂપિયા જપ્ત થયા છે.

## ઉમેદવારો પર નિર્ભર ચૂંટણી પંચ તટસ્થ ન રહી શકે : જસ્ટિસ નાગરત્ના

**ચૂંટણી** પંચની આડકતરી ટીકા કરતા સુપ્રીમ કોર્ટના આ જજે પંચની માળખાકીય સ્વતંત્રતા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી

નવી દિલ્હી, તા. 5(પીટીઆઈ): ચૂંટણીની તટસ્થતા ત્યારે સુનિશ્ચિત કરી શકાતી નથી જ્યારે ચૂંટણી કરાવનારાઓ જ ચૂંટણી લડનારાઓ પર નિર્ભર હોય, તેમ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બી.વી. નાગરત્નાએ ચૂંટણી પંચની આડકતરી ટીકા કરતા જણાવ્યું હતું. શનિવારે પટનાની ચાણક્ય લો યુનિવર્સિટીમાં રાજેન્દ્ર પ્રસાદ મેમોરિયલ લેક્ચર દરમિયાન સર્વોચ્ચ અદાલતના આ ન્યાયાધીશે મતદાન પ્રક્રિયાની દેખરેખ રાખનારાઓની માળખાકીય સ્વતંત્રતા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. 1995ના એક ચુકાદાને ટાંકીને, જેમાં સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને ચૂંટણીની પવિત્રતા જાળવવા માટે ઉચ્ચ મહત્વ ધરાવતી બંધારણીય સત્તા તરીકે માન્યતા આપી હતી, તેમણે કહ્યું કે, ચિંતા ફરી એકવાર માળખાકીય છેઃ જો ચૂંટણીનું સંચાલન કરનારાઓ ચૂંટણી લડનારાઓ પર નિર્ભર હોય, તો પ્રક્રિયાની તટસ્થતાની ખાતરી આપી શકાય નહીં. જસ્ટિસ નાગરત્નાએ કહ્યું કે ચૂંટણીઓ માત્ર સમયાંતરે યોજાતી ઘટનાઓ નથી પરંતુ એક એવી વ્યવસ્થા છે જેના દ્વારા રાજકીય સત્તાની રચના થાય છે. તેમણે ઉમેર્યું કે, આપણી બંધારણીય લોકશાહીએ સમયસર ચૂંટણી યોજાવાને કારણે સરકારમાં સુગમ પરિવર્તનોના અનેક ઉદાહરણો પૂરા પાડ્યા છે. આ પ્રક્રિયા પરનું નિયંત્રણ, વાસ્તવમાં રાજકીય હરીફાઈની શરતો પરનું જ નિયંત્રણ છે.

# આર્ટેમિસ II મિશનના એરિયન યાનનું શૌચાલય બગડ્યું

**પેશાબનો** નિકાલ થઇ શકતો નથી, પાઇપલાઇનમાં બરફ જામી ગયો હોવાની શંકા

**ચંદ્રની** નજીક પહોંચી રહેલા અવકાશયાત્રીઓ, અડધો રસ્તો વટાવી દીધો

હ્યુસ્ટન, 5(AP): ચંદ્રના અડધા રસ્તે પહોંચી ગયેલા આર્ટેમિસ II મિશનના અવકાશયાત્રીઓ તેમની ઐતિહાસિક ચંદ્ર પ્રદક્ષિણા માટે તૈયારી કરી રહ્યા છે, જે તેમને એપોલો અવકાશયાત્રીઓ કરતાં પણ વધુ ઊંડા અવકાશમાં લઈ જશે. બીજી તરફ, નકારાત્મક પાસું એ છે કે તેમનું શૌચાલય ફરીથી બગડ્યું છે.ત્રણ અમેરિકન અને એક કેનેડિયન



અવકાશયાત્રી સોમવારે તેમના ગંતવ્ય સ્થાને પહોંચવાના છે, જ્યાં તેઓ ચંદ્રની રહસ્યમય પાછળની બાજુના ફોટા લેતા પસાર થશે. છેલ્લા 53 વર્ષોમાં ચંદ્ર તરફ જનારી આ પ્રથમ માનવ ટુકડી છે, જે નાસાના એપોલો પ્રોગ્રામ જ્યાંથી અટક્યો હતો ત્યાંથી આગળ વધી રહી છે. પાયલોટ વિક્ટર ગ્લોવરે અહેવાલ આપ્યો હતો કે, પૃથ્વી ઘણી નાની દેખાઈ રહી છે અને ચંદ્ર ચોક્કસપણે મોટો થઈ રહ્યો છે. જ્યાં સુધી ઓરિયન કેપ્સ્યુલનું બાથરૂમ ઠીક ન થાય ત્યાં સુધી મિશન કંટ્રોલે અવકાશયાત્રીઓને બેકઅપ યુરીન કલેક્શન બેગ્સનો ઉપયોગ કરવાની સૂચના આપી છે. આ શૌચાલય બુધવારના લોન્ચિંગ બાદ જ બગડ્યું હતું અને ત્યારથી તે ક્યારેક ચાલે છે તો ક્યારેક બંધ થઈ જાય છે. આ શૌચાલયનું એક વર્ઝન વર્ષો પહેલા આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર પણ ચકાસવામાં આવ્યું હતું.

એન્જિનિયરોને શંકા છે કે પાઈપલાઈનમાં બરફ જામી જવાને કારણે પેશાબ સંપૂર્ણપણે બહાર નીકળી શકતો નથી.

# ઓક્સફર્ડ યુનિવર્સિટી લાયબ્રેરી દ્વારા 'શિક્ષાપત્રી'ની દ્વિશતાબ્દીની ઉજવણી

**સહજાનંદ** સ્વામી દ્વારા લખાયેલી મૂળ હસ્તપત્રની યાત્રા શરૂ કરાઇ, ઓગસ્ટ સુધી આ યાત્રા ચાલશે

**યુકેના** વિવિધ ભાગોમાં આવેલ સ્વામિનારાયણ મંદિરોમાં આ શિક્ષાપત્રી ફરશે, લોકો દર્શન કરશે

લંડન, તા. 5(PTI): ઓક્સફર્ડ યુનિવર્સિટીની બોડલિયન લાઈબ્રેરીઝે વિશ્વના સૌથી નોંધપાત્ર અને દુર્લભ હિંદુ ગ્રંથોમાંના એક એવા 'શિક્ષાપત્રી'ની 200મી વર્ષગાંઠ નિમિત્તે સમગ્ર યુકેમાં તેની ઐતિહાસિક યાત્રા શરૂ કરી છે. સ્વામિનારાયણ સંપ્રદાયના અગ્રણીઓ સાથેના સહયોગથી આ પવિત્ર હસ્તપ્રતની દ્વિશતાબ્દી યાત્રા આ વર્ષની શરૂઆતમાં શરૂ કરવામાં આવી હતી, જે દેશના મુખ્ય મંદિરોમાં જશે.




આ યાત્રા દ્વારા અંદાજે 20,000થી 30,000 લોકોને આ પવિત્ર ગ્રંથના દર્શન કરવાની દુર્લભ તક મળવાની અપેક્ષા છે.

સહજાનંદ સ્વામી - ભગવાન સ્વામિનારાયણ દ્વારા વર્ષ 1826માં ગુજરાતના વડતાલ મુકામે રચાયેલી 'શિક્ષાપત્રી' નૈતિક અને આધ્યાત્મિક જીવન જીવવા માટેના માર્ગદર્શિકા તરીકે તૈયાર કરવામાં આવી છે.

મહા સુદ પાંચમ(વસંત પંચમી)ના દિવસે લખાયેલી હોવાનું મનાતી આ હસ્તપ્રતમાં 212 સંસ્કૃત શ્લોકો છે, જે હિંદુ શાસ્ત્રોના મુખ્ય સિદ્ધાંતોનો સાર રજૂ કરે છે. સ્વામિનારાયણના અનુયાયીઓ દ્વારા દરરોજ વાંચવામાં આવતા આ ગ્રંથની વિશ્વભરમાં લાખો નકલો છપાઈ છે.

## ભવિષ્યમાં કંઈપણ થશે તો કોલકાતાને નિશાન બનાવીશું : પાકિસ્તાની સંરક્ષણમંત્રી

**ખ્વાજા** આસિફની પોલી ધમકી : કોઈપણ હુમલા પર પાકિસ્તાનનો પ્રતિસાદ ત્વરિત, સુઆયોજિત અને નિર્ણાયક હશે

ઈસ્લામાબાદઃ તા. 5 : પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા આસિફએ શનિવારે ભારતને ચેતવણી આપી હતી કે, ભવિષ્યમાં કોઈપણ પ્રકારના દુસ્સાહસના પ્રયાસનો જવાબ કોલકાતામાં હુમલો કરીને આપવામાં આવશે. આસિફએ લાહોરથી લગભગ 130 કિલોમીટર દૂર તેમના વતન સિયાલકોટમાં પત્રકારો સાથે વાત કરતાં કહ્યું હતું કે, ''જો ભારત આ વખતે અમને જવાબદાર ઠેરવીને કોઈ (સૈન્ય) ઓપરેશન કરવાનો પ્રયાસ કરશે તો અમે કોલકાતા સુધી નિશાન સાધીશું.''

આસિફએ દાવો કર્યો હતો કે, એવા અહેવાલો છે કે તેમના (ભારત) પોતાના લોકો અથવા પાકિસ્તાનીઓ દ્વારા એક જુઠ્ઠાણાથી ભરેલા અભિયાન (ફોલ્સ ફ્લેગ ઓપરેશન)નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કેટલાક મૃતદેહોને ક્યાંક ફેંકી દઈને એવું કહેવામાં આવ્યું કે તેઓ આતંકવાદીઓ હતા અને તેમણે આવું-આવું કર્યું છે. જોકે, તેમણે પોતાના દાવાના સમર્થનમાં કોઈ પુરાવા આપ્યા નહોતા. ગુરુવારે આસિફએ કહ્યું હતું કે કોઈપણ હુમલા પર પાકિસ્તાનનો પ્રતિસાદ ત્વરિત, સુઆયોજિત અને નિર્ણાયક હશે.

આસિફ ભારતના સંરક્ષણમંત્રી રાજનાથ સિંહની ટિપ્પણીઓનો જવાબ આપી રહ્યા હતા, જેમણે અગાઉ કહ્યું હતું કે વર્તમાન પરિસ્થિતિમાં ભારતના પાડોશી દેશ દ્વારા કોઈપણ દુસ્સાહસ અભૂતપૂર્વ અને નિર્ણાયક કાર્યવાહીને આમંત્રણ આપશે. ગયા વર્ષે 22 એપ્રિલે થયેલા પહલગામ હુમલાના પરિણામે બંને દેશો વચ્ચે ચાર દિવસ સુધી સંઘર્ષ ચાલ્યો હતો.

## દારૂની બોટલ પરના QR કોડની મદદથી 24 કલાકમાં હત્યા કેસ ઉકેલાયો

**પોલીસ** QR કોડની મદદથી દારૂની દુકાન શોધી CCTVના આધારે આરોપીઓ સુધી પહોંચી

**આગ્રા, તા. 05** : ઉત્તર પ્રદેશના એક ચોંકાવનારા કિસ્સામાં એક મહિલાએ કથિત રીતે તેના પ્રેમી સાથે મળીને તેના પતિની હત્યાનું કાવતરું ઘડ્યું હતું, પરંતુ ઘટનાસ્થળે રહી ગયેલી એક નાની એવી ચીજે પોલીસને 24 કલાકમાં આ ગુનાનો પર્દાફાશ કરવામાં મદદ કરી હતી.

આ ઘટના આગ્રા પાસે બની હતી, જ્યાં લોકેન્દ્ર તરીકે ઓળખાતા પીડિતનો અર્ધ સળગેલી હાલતમાં મૃતદેહ રોડની બાજુમાંથી મળી આવ્યો હતો. તે 1 એપ્રિલથી ગુમ હતો. શરૂઆતમાં જે કેસ મુશ્કેલ જણાતો હતો તે પોલીસને એક મહત્ત્વપૂર્ણ કડી મળ્યા બાદ ઝડપથી ઉકેલાઈ ગયો હતો અહેવાલ મુજબ, તપાસકર્તાઓએ દારૂની બોટલ પર છપાયેલા ક્યુઆર કોડને સ્કેન કર્યો, જેનાથી તે કઈ દુકાનમાંથી ખરીદવામાં આવી હતી તેની ચોક્કસ માહિતી મળી. આ ડિજિટલ ફૂટપ્રિન્ટ કેસમાં ટર્નિંગ પોઇન્ટ સાબિત થઈ. પોલીસે સ્ટોરના સીસીટીવી ફૂટેજ તપાસ્યા અને ત્યાં લોકેન્દ્ર અન્ય બે માણસો સાથે જોવામાં આવ્યો. આ બંનેની ઓળખ મહેશ અને ધરમવીર તરીકે થઈ હતી. બંનેની અટકાયત થઇ અને કેસ ઝડપથી ઉકેલાયો. પૂછપરછ દરમિયાન મહેશે કથિત રીતે લોકેન્દ્રની પત્ની સાથે અફેર હોવાની કબૂલાત કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, લોકેન્દ્રને આ સંબંધની જાણ થઈ ગઈ હતી અને તેણે તેનો સખત વિરોધ કર્યો હતો, આમ છતાં, બંને છૂપી રીતે મળતા રહ્યા. અધિકારીઓએ જણાવ્યું કે, આના કારણે કાવતરું ઘડાયું.

# અમદાવાદ વિમાન દુર્ઘટનાના પીડિત પરિવારોની બ્લેક બોક્સ ડેટા જાહેર કરવા માગ

**પીડિત** પરિવારોએ વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો

અમદાવાદ, તા. 5 (PTI): 260 લોકોના જીવ લેનારી એર ઈન્ડિયા પ્લેન દુર્ઘટનાના દસ મહિના પછી પીડિતોના શોકગ્રસ્ત પરિવારોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને કોકપિટ વોઈસ રેકોર્ડર (સીવીઆર) અને બ્લેક બોક્સનો ડેટા જાહેર કરવા વિનંતી કરી છે. એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ171, જે બોઈંગ 787-8 એરક્રાફ્ટ હતું અને લંડન જઈ રહ્યું હતું, તે 12 જૂન, 2025ના રોજ અહીંના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઉડાન ભર્યાના થોડા સમય બાદ એક મેડિકલ કોલેજ હોસ્ટેલ સંકુલ પર તૂટી પડ્યું હતું. વિમાનમાં આગ ફાટી નીકળી હતી, જેમાં સવાર 242 લોકોમાંથી 241 અને જમીન પર રહેલા 19 વ્યક્તિઓનાં મોત થયાં હતાં. સમગ્ર ગુજરાતમાંથી અંદાજે 30 જેટલા શોકગ્રસ્ત પરિવારો શનિવારે અમદાવાદમાં મળ્યા હતા અને વડા પ્રધાનને પત્ર લખીને આ દુર્ઘટના પાછળનું સત્ય જાણવા માટે સીવીઆર અને 'બ્લેક બોક્સ' (ફ્લાઈટ ડેટા રેકોર્ડર) નો ડેટા જાહેર કરવાની માંગ કરી હતી.


**વેચાણ અંગેની જાહેર નોટીસ**

સુરત ડીસ્ટ્રીકટ મજુરા સબ ડીસ્ટ્રીકટનાં મોજે ગામ : પીપલોદ નાં સર્વે નં. ૨૬ વાળી જમીન, જેને ટી.પી.સ્કીમ નં. ૪ (ઉમરા-સાઉથ) નાં ફાયનલ પ્લોટ નં. ૮૬ વાળી સુમારે બીનખેતીની જમીનમાં આયોજીત "મહાત્મા ગાંધી કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી." નામથી ઓળખાતી સોસાયટીમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૩૭ વાળી મિલકત, જેનું ક્ષેત્રફળ ૨૨૨.૯૧ ચો.મી. ખુલ્લા પ્લોટવાળી મિલકત તથા તેને લાગતા વળગતાં અંદરના તથા બહારના તમામ હક્ક સહીતની મિલકતનાં માલિકો (૧) ચંદ્રકુમાર મૂલચંદ ભાટીયા, (૨) વર્ષાબેન ચંદ્રકુમાર ભાટીયા એ મજકુર મિલકત પોતાની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટા, વહીવટી હેઠળની, ટાઇટલ કલીયર, બોજામુક્ત અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલકત બાબતે કોઇ વ્યકિત, બેન્ક યા સંસ્થાનાં લાગભાગ, હક્ક, હિત, કબજો, દર-દાવો, લીયન, ચાર્જ, લેણાં યા બોજા હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં આધારભુત પુરાવા સહિત હમોને નીચે જણાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહુ મિલકતમાં કોઇનાં હક્ક, હિત, સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે હમારા અસીલની તરફેણમાં જતા યાને વેઈવ કર્યા છે તેમ માની હમારા અસીલ મુદત વિત્યેથી વેચાણ અવેજની રકમ ચુકવી રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને તે અંગે કોઇની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

(અમારા અસીલ ની સુચના અને ફરમાઈશ અન્વયે)
મો.નં.૯૮૨૫૪ ૪૯૦૦૪, ૯૫૫૮૨ ૯૮૧૪૭
ઓફિસ : ૧૦૩, સાંઈકૃપા કોમ્પલેક્ષ, તાડવાડી, રાંદેર રોડ, સુરત (તા. ૦૬/૦૪/૨૦૨૪)

મનીષ બી. પટેલ
એડવોકેટ એન્ડ નોટરી
હિમાંશુ બી. પટેલ
તે ખરીદનારનાં એડવોકેટસ


## પેજ 3

### સ્વાતિ પિરામલની બર્થ ડે પાર્ટીમાં નીતા અંબાણી સાડી છોડી સ્ટાઇલિશ બ્લેક આઉટફિટમાં જોવાં મળ્યાં



**મુંબઈ, તા. 5 :** જ્યારે પણ અંબાણી પરિવાર કોઈ ઉજવણી માટે એકઠો થાય છે ત્યારે વિશ્વ સામાન્ય રીતે ભારે બનારસી સિલ્ક, અલંકૃત લહેંગા અને શાનદાર ડિઝાઇનર વસ્ત્રોની અપેક્ષા રાખતું હોય છે. જોકે, ઇશા અંબાણીના સાસુ સ્વાતિ પિરામલના 28 માર્ચના રોજ યોજાયેલા 70મા જન્મદિવસ માટે પરિવારના વડા નીતા અંબાણીએ આધુનિક અને સાદગીપૂર્ણ અંદાજ અપનાવ્યો હતો. 5 એપ્રિલના રોજ ઇન્સ્ટાગ્રામ પર ફેન પેજ 'અંબાણી અપડેટ' દ્વારા શેર કરવામાં આવેલી નવી અદૃશ્ય ઝલક એક એવી ઉજવણી દર્શાવે છે, જેમાં નીતા અંબાણીએ તેની સ્ટાઇલમાં આવેલા બદલાવનું નેતૃત્વ કર્યું હતું, તેઓએ આ વખતે આકર્ષક અને આધુનિક લૂક પસંદ કર્યો હતો.

### દિલ્હીમાં યોજાયેલા એક લગ્ન પ્રસંગમાં શાહરૂખ અને સલમાને ગ્લેમરમાં વધારો કર્યો



નવી દિલ્હી, તા.5 : પત્રકાર રજત શર્માની પુત્રી દિશાના નવી દિલ્હીમાં યોજાયેલાં લગ્નમાં બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાન અને સલમાન ખાન હાઈ-પ્રોફાઇલ મહેમાનોમાં સામેલ હતા. દિશાએ તમિલનાડુના કાયદાકીય વ્યાવસાયિક સુદર્શન એમ. જે. સાથે લગ્ન કર્યાં છે. આ યુગલે 4 એપ્રિલના રોજ પરંપરાગત દક્ષિણ ભારતીય વિધિથી લગ્ન કર્યાં હતાં, જેમાં અનેક અગ્રણી હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. સલમાન ખાન તેની બહેન અર્પિતા ખાન અને તેના પતિ આયુષ શર્મા સાથે લગ્નમાં હાજરી આપવા પહોંચ્યો હતો. તે નવપરિણીત યુગલ અને તેમના પરિવારના સભ્યો સાથે ફોટા પડાવતો જોવા મળ્યો હતો. શાહરૂખ ખાન તેની મેનેજર પૂજા દદલાની સાથે પહોંચ્યો હતો.

### પ્રભાસની ફિલ્મ 'ફૌજી'ના સેટ પરથી તસવીરો લીક થતાં મેકર્સની કડક કાર્યવાહીની ચેતવણી




ચેન્નાઈ, તા. 5 : પ્રભાસની આગામી ફિલ્મ 'ફૌજી'ના સેટ પરથી કેટલીક તસવીરો લીક થઈ ગઈ છે, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. આ તસવીરોને યુઝર્સ પણ જોરશોરથી શેર કરી રહ્યા છે. આ જોઈને ફિલ્મના મેકર્સે તસવીરો સર્ક્યુલેટ કરનારાઓ સામે કડક એક્શનની ચેતવણી આપી છે. 'ફૌજી' એક તેલુગુ ફિલ્મ છે, જેની લાંબા સમયથી રાહ જોવાઈ રહી છે. ફિલ્મનું નિર્દેશન હનુ રાઘવપુડીએ કર્યું છે. હાલમાં જ 'ફૌજી'ના સેટ પરથી તસવીરો લીક થઈ, તો મેકર્સ તરત જ એક્શનમાં આવી ગયા. તેમણે એક્સ પર ફિલ્મના લીક કન્ટેન્ટ અંગે યુઝર્સને ચેતવણી આપી કે તેઓ તેને સર્ક્યુલેટ ન કરે. જે આવું કરશે, તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.


**- :: વેચાણ અંગેની જાહેર નોટીસ : -**

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ઓલપાડનાં મોજે **ગામ દેલાડ** ના **સર્વે/બ્લોક નં. ૧૩૬, ૧૫૩, ૧૫૪, ૧૫૫, ૧૫૬, ૧૫૯/અ, ૧૬૦, ૧૬૧, ૧૬૩, ૧૬૪, ૧૬૫, ૧૪૪, ૧૫૯/બ તથા ૧૬૨** વાળી ઔદ્યોગીક બિનખેતીની જમીન માં આયોજન કરવામાં આવેલ **"ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ વિભાગ-૨"** જેમાં આવેલા ઓદ્યોગીક હેતુ માટેના **બી-ટાઈપ ના ઈન્ડસ્ટ્રીયલ યુનીટ નંબર : ૬** જે પૈકી **સબ પ્લોટ નંબર ૮ જે પ્લોટ નંબર ૭૮** થી ઓળખવામાં આવે છે. જેનુ સુમારે ક્ષેત્રફળ ૨૨૬.૬૭ ચો.વાર યાને ૧૮૯.૪૩ સ.ચો.મી વાળી ખુલ્લી જમીન પર બાંધવામાં આવેલ બાંધકામ સહિતની મીલકત તથા **''ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ વિભાગ-૨''** જેમાં આવેલા ઓદ્યોગીક હેતુ માટેના **બી-ટાઈપ ના ઈન્ડસ્ટ્રીયલ યુનીટ નંબર : ૬** જે પૈકી **સબ પ્લોટ નંબર ૯ જે પ્લોટ નંબર ૭૭** થી ઓળખવામાં આવે છે. જેનુ સુમારે ક્ષેત્રફળ ૨૨૬.૬૭ ચો.વાર યાને ૧૮૯.૪૩ સ.ચો.મી વાળી ખુલ્લી જમીન પર બાંધવામાં આવેલ બાંધકામ સહિતની મીલકત તથા લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની મિલકત **વસંતબેન વિનોદભાઈ કોશિયાનાઓ** પોતાની સ્વતંત્ર કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થા તથા સપુંર્ણ માલિકીની ચાલી આવેલી છે. જેઓ સદરહું બંને મીલકતો અમારા અસીલોને વેચાણ કરી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવા માંગે છે. જેથી સદરહું બંને મીલકતો અંગે જો કોઈ અન્ય વ્યકિત, સંસ્થા, કે શખ્સ નો સદરહુ મિલકતમાં કોઈ પણ પ્રકારનો હક્ક, હીત, હિસ્સો કબજો ભોગવટો, વહીવટ, વ્યવસ્થા, સહમાલિકી હક્ક, કે દાવા દુવીના પ્રકરણો, ભરણપોષણ ના અધિકારો, ટાંચ, જપ્તી ના હુકમો, સાટાખત, સોદાચીઠ્ઠી કે ગીરવે ના હક્કો હોય અને સદરહુ બંને મિલકત બાબતે કોઈ તરતકરાર કે વાંધા વિરોધ હોય તો તેવી વ્યકિત, સંસ્થા, કે શખ્સે આ નોટીસ પ્રસિધ્ધ થયાથી **દિન ૭ (સાત)** માં પુરાવા સહિત અમોને જાણ કરવી અને મુદત વીત્યે જો કોઈ તરતકરાર કે વાંધા રજુ કરવામાં ન આવશે તો કોઈને કોઈ પણ જાત ની તરતકરાર કે વાંધા વિરોધ નથી તેમ માની અમારા અસીલ મિલકત અંગેના તમામ વ્યહવારો પુર્ણ કરશે અને ત્યાર બાદ કોઈના કોઈ પણ જાતના વાંધા કે તરતકરાર ચાલશે નહી જેની સ્પષ્ટ નોંધ લેવી.

મારી મારફત
**ચંદ્રેશ જે. પિપળીયા, પાર્થ જે. લાખાણી** એડવોકેટસ
૧૧૨, એપલ સ્કવેર, માતૃભુમી સ્કુલ ની બાજુમાં, ડભોલી ચાર રસ્તા, વેડરોડ, સુરત. મો.નં. ૯૮૭૯૧ ૯૬૭૮૯